# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કાર્યકરોને, કોણીએ ગોળ ચોંટાડી, દોડાવે છે,
સભ્યોને પદનું ગાજર બતાવીને, દોડાવે છે,
દોડાવે જનતાને મેળા-ઉત્સવોની ઘેલછામાં -
પ્રચાર-પૈસાની કોથળી એ પક્ષને દોડાવે છે.
(મહત્ત્વાકાંક્ષા ની મેરેથોન)

## હાઈકુ

ભલભલાને -
- કરાવે શિર્ષાસન,
રામદેવજી!
(શરતી પ્રચાર)

આમ ને 'આમ'
તૂટશે 'આપ'-મેળે-
નિવેદનોથી..
('આપ'ના અતિ ઉત્સાહી નેતાઓ)

## ચિંતન

*દુજનઃ પરિહર્તવ્યો વિદ્યયા અલંકૃતો અપિ સન્ ।*
*મણિના ભૂષિત સર્પઃ કિમસૌ ન ભયંકરઃ ॥*

ભતૃહરિના નીતિશતકનો આ શ્લોક સત્સંગ કરવા અને દુર્જનોની મૈત્રીથી દૂર રહેવાથી સલાહ દે છે.

'જે દુષ્ટ, દુર્જન હોય ભલે ને ગમે તેટલું ભણ્યો હોય, ડિગ્રીઓનાં લાંબા પૂછડાં ધરાવતો હોય તો પણ તેનો ત્યાગ કરવા લાયક જ હોય છે, દા.ત. કે કોબ્રા - નાગના મસ્તક પર ગમે તેટલો કિંમતી કેમ ન હોય છતાં શું એ ભયંકર નથી? અર્થાત્ સર્પના માથે દિવ્યમણિ હોય છતાં પણ એ એની દુષ્ટતા કે ભયંકરતા કંઇ ઓછી થઇ જતી નથી.'

આજકાલના વૈજ્ઞાનિકો ભણ્યા પછી વિશ્વ પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા વિનાશક બૉંબ, ઝેરી ગેસ, યુદ્ધના ભયંકર હથિયારો જ બનાવવાની વૃત્તિ ધરાવી ખતરનાક-વિનાશનાં સાધનો બનાવે અને વિનાશક સંશોધનોમાં જ પોતાની બુદ્ધિ-જ્ઞાન-વિદ્યાનો ઉપયોગ કરે છે.

આજના ભણેલા-ગણેલા કોલેજીયન યુવાનો પણ ખરાબ સોબતમાં આવી જઇ, ચોરી, લૂંટફાટ, ચેન સ્નેચીંગના ધંધે ચઢી જાય છે.

જો અસંસ્કારી, ખરાબ સ્વભાવના વ્યસની મિત્રોની સંગતે ચઢી જાય તો વિદ્યાર્થી ગમે તેટલો પ્રતિભાશાળી હોય છતાં તે 'ભયંકર' બની જાય છે અહીં કવિએ આ વાત સરળ રીતે સમજાવવા મણિધર નાગનું દૃષ્ટાંત આપ્યું છે. મણિ ભલે ગમે તેટલો મૂલ્યવાન હોય પણ સાપ તો સાપ જ છે એ એનો દુષ્ટ સ્વભાવ ન છોડે.

## સુવિચાર

- મન ઉપર માનવીનો કાબુ એટલે વિકાસ, અને માનવી ઉપર મનનો કાબુ એટલે વિનાશ *-ધર્મસૂત્ર*
- વેદશાસ્ત્રોમાં પારંગત ગરીબ સારો, પણ ધન અને રત્નોવાળો મુર્ખ માણસ સારો નહી *- એસ. ભટ્ટાચાર્ય*
- મિત્ર અને મંત્ર પર કદિ અવિશ્વાસ ન રાખશો, મિત્રમાં અવિશ્વાસ રાખશો તો સ્નેહ તુટશે, મંત્રમાં અવિશ્વાસ રાખશો તો શક્તિ ખૂટશે *- ધર્મજીવન સ્વામિ*
- જે બીજાની ભલાઇ કરે છે તે પોતાની ભલાઇ સ્વયં કરી લે છે, કારણ કે ભલાઇ કર્મમાં હોય છે, પરિણામમાં નહીં *- જ્ઞાનસૂત્ર*
- તકલીફ ઉઠાવવાની અખૂટ તાકાત એ જ બુદ્ધિમત્તા છે *- ગાંધીજી*
- સત્ય, ક્ષમા, સંતોષ, જ્ઞાન, ધીરજ, પરિશુદ્ધ મન, અને મધુર વચન એ પ્રાર્થનાની પ્રાર્થના છે *- સંત રોબિન*
- લાયકાત વિનાની પ્રશંસા એ ઢાંકેલી મશ્કરી જ છે *- શાહબુદ્દીન રાઠોડ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

કલાકાર કુદરતી રીતે જ કોમળ હૃદયના, લાગણીશીલ અને વાત્સલ્યથી વલવલતા હોય છે.

કુંદનલાલ સાયગલ આવા જ સાચા કલાકાર હતા. એમના જમાનામાં ગાયકો કરોડોમાં આળોટતા ન હતા. ત્યારે સાયગલ સાહેબ મુંબઇથી અમદાવાદ ટ્રેનમાં અને અમદાવાદથી એસટીની સામાન્ય બસમાં (લકઝરી પણ તે વખતે ન હતી) ચાર મિત્રો સાથે 'જૂનાગઢ' જતા હતા.

સ્વાભાવિક છે કે તે જમાનામાં ગાયક અને પ્રખ્યાત અભિનેતા હતા તેથી બધા પ્રવાસી 'સાયગલ' સાથે પ્રવાસ કરવાની ધન્યતા અનુભવતા હતા.

વચ્ચે એક જગ્યાએ બસ ચા-પાણી માટે ઉભી. સાયગલ સાહેબ પણ ચા પીતા હતા. ત્યાં જૂનાગઢનો પટેલ પહેરવેશનો એક ગામડિયો સાયગલ પાસે આવ્યો અને કહ્યું, સાહેબ, મારો મિત્ર આપના કંઠનો દિવાનો છે સામાન્ય સ્થિતિનો છે છતાં તમારાં ગીતો જ સાંભળવા થાડી વાજું વસાવ્યું છે (ગ્રામોફોન-રેકોર્ડર) અત્યારે એ ટીબીના છેલ્લા સ્ટેજમાં છે. એની ઇચ્છા મુંબઇ આવી તમને જોવા-મળવાની હતી. મારી પાસે ઘણીવાર એ ઇચ્છા વ્યક્ત પણ કરી હતી. પણ અત્યારે હવે એની હાલત એવી છે કે એ શક્ય બંને એમ નથી. સાયગલ સાહેબ એની બાવાબોલીમાં એની વાત સાંભળતા રહ્યા, અને અંતે કહ્યું, મને એનું નામ-સરનામું લખી આપો..

.. અને સાયગલ સાહેબ, મિત્રો સાથે પોતાના નિશ્ચિત ઉતારે જવાને બદલે ઘોડાગાડી-ટાંગો કરી સીધા હોસ્પિટલ ગયા (ટીબી વોર્ડમાં) અને પોતાના પ્રશંસકને મળી એની ફરમાઇશના ગીત સંભળાવ્યા-વહેતાં અશ્રુ સાથે દર્દી સાયગલને વંદન કરતો રહ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# શોલેનો ગબ્બર બહુ જબ્બર : 'જો ડર ગયા, સો મર ગયા'

## શોલેની 3D ઈફેક્ટમાં ફરી પધારેલો ગબ્બરસિંગ એટલે કે મહાન વ્યક્તિત્વ પણ એના પર હંમેશા અન્યાય થયો છે, ગબ્બરનાં પ્રેરણાદાયી ચરિત્રનું ચલચિત્ર

૧૫મી ઓગસ્ટ ૧૯૭૫નાં રોજ મલ્ટીસ્ટારર ફિલ્મ શોલે રજૂ થયેલી અને હિન્દી ચલચિત્રની લોકોના દિલો દિમાગ પર છવાયેલી બ્લોક બસ્ટર ફિલ્મ (કરોડો રૂપિયા નહીં ક્વોલીટીથી કમાયેલી ફિલ્મ) એ ભારતીય સિનેમાની સર્વકાલીન શ્રેષ્ઠ અને સફળ ફિલ્મ રહી છે. નવરસનો અદ્ભૂત સમન્વય એટલે શોભે. જકડી રાખતી વાર્તા, સંગીતનો શણગાર, પ્રેમનો પ્યાલો, બદલાની આગ, દોસ્તીનો ઉછળતો સિક્કો, હાસ્યની છોળો, લોકોને મોઢે થઇ ગયેલા ડાયલોગ્સ... શું નહોતું એમાં ? અને ચાલીસ વર્ષ પહેલાની આ ફિલ્મ, ટેક્નોલોજીનાં ટાંચા સાધનો (કોમ્પ્યુટર નહોતું) અને કરોડો કમાયાની માયાજાળ નહીં અને છતાંય પ્રથમ સીનથી અંતિમ THE END નાં બોર્ડ સુધી પ્રેક્ષકો લાકડાની ખૂંચતી ખૂરશી પર સવાર હોય...

ભારતમાં ફિલ્મની વાત આવે એટલે લોકો એક અવાજે 'શોલે'નુ નામ લે, રામાયણ-મહાભારત સિરીયલ જેમ દરેક પાત્રો લોકોના હોઠે ને હૈયા છે અને એ શોલે ફરીથી 3D માં આવી ચુકી છે. ટેક્નોલોજીથી સજ્જ થઇ શોલે 3D નાં નવા રંગરૂપ સાથે ફરીથી આવી ચુકી છે. શોલે એટલે દોસ્તીના જય-વીરૂ, બદલાની આગ એટલે ઠાકુર, ડરનો આતંક એટલે ગબ્બર, હાસ્ય એટલે જગદીપ અને જેલર અસરાની, ઉછળતો પ્યાર હેમામાલીની, વિધવાનો પ્રેમ જયા... વગર થિયટરે રીલ નજર સામે ફરવા લાગે, પણ આ ફિલ્મનું ગ્રેટ પાત્ર એટલે ગબ્બરસિંગ. આ પાત્ર પર હંમેશા ટીકાકારો અને પ્રેક્ષકોએ ફિટકાર જ વરસાવ્યો છે. પણ ગબ્બરનું પ્રેરણાદાયી પાત્ર તમને ખબર પડે એટલે શોલેનું એનુ ંચરિત્ર આપની સમક્ષ.



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com



**● સીધું સાદું જીવન અને ઉચ્ચ વિચાર :**

ફિલ્મમાં ખોફ ખડો કરનારાં ગબ્બરનુ ંજીવન ખુબ સાદગીભર્યું હતું. જૂના અને મેલેગેલાં કપડા, વધી ગયેલી દાઢી, વર્ષો સુધી ના ઘસેલા દાંત, નદી, ડુંગરામાં ભટકતું જીવન એના પોતાના ધ્યેય માટે સમર્પિત કર્યું હતું. એટલે એશોઆરામ, વિલાસી જીવન જીવવા એને સમય જ મળ્યો નથી. અને એના વિચારોની પરિપક્વતા માટે તો માન ઉપજે, 'જો ડર ગયા, સો મર ગયા' જેવા સંવાદથી એણે જીવનનાં ક્ષણભંગુરતા પર પ્રકાશ પાડ્યો છે. અભણ હોવા છતાં એનું મેનેજમેન્ટ પણ ગજબનું હતું.

**● ગબ્બરની દયાળું પ્રવૃત્તિ :**

પોલીસ અધિકારી ઠાકુરે એને પકડેલો અને એટલે એણે જે હાથેથી એને પકડેલો એ બે હાથ કોઇ પણ પ્રકારની પીડા વગર એક જ ઝાટકે વાઢી લીધેલાં. એણે ધાર્યું હોય તો એ એની ગરદન પણ કાપી શક્યો હોત પણ એનાં મમતાપૂર્ણ અને કરૂણામત હૃદયે એને એવું કરવાં દીધું નહીં.

**● નૃત્ય અને સંગીતનો પ્રેમી :**

હેલનનો અદ્ભૂત ડાન્સ 'મહેબૂબા ઓ મહેબૂબા'ના ગીત વખતે એનો કલાકાર હૃદયનો પરિચય મળે છે. અન્ય ડાકુ જેવો એ શુષ્ક નહોતો. એના જીવનમાં નૃત્ય, સંગીત અને કલાનું મહત્ત્વ હતું. બસંતીને પકડીને લાવ્યા બાદ એનામાં રહેલી નૃત્યની ઝંખના ઉછળી આવી, એને બસંતીમાં રહેલી નૃત્યની કલાને ઓળખીને એને 'મેં નાચૂંગી' ગીચ પર નચાવી, કલાની પરખ કરવા એણે એને કાચના ટૂકડા પર નચાવી એની કસોટી પણ કરી. નૃત્યનો આંશિક હોવાથી એણે બંને હિરોઇનોને માત્ર નચાવી જ એમની સાથે કોઇ અડપલાં કે છેડતી કરી નહીં. એ જો અધમ વૃત્તિનો હોત તો એણે એમનાં પર બળાત્કાર કર્યો હોત. પણ એ સંયમી હતો એટલે અન્ય ડાકુ પણ સ્ત્રીઓને સન્માનથી જોતા હતા.

**● અનુશાસન પ્રિય ગબ્બર :**

'કિતને આદમી થે' એવું કહીને એમણે બે માણસો સામે ત્રણ ઓછા પડયાંથી એને અત્યંત ક્રોધ આવ્યો. તમને સોંપેલું એક નાનકડું કામ ન કરી શક્યા, એટલે એણે કોઇ જ ભલમનસાઇ ના બતાવતા, પોતાના સ્વભાવને અનુરૂપ જ ત્રણેયને મારી નાંખ્યા અન્ય સાગરીતોને એની ધાક બતાવી કે સોંપેલું કામ વ્યવસ્થિ નહીં કરો તો તમનેય આ જ રસ્તે મોકલીશ.

**● હાસ્ય પ્રિય ગબ્બર :**

ગબ્બરમાં ગજબની સેન્સ ઓફ હ્યુમર હતો. કાલિયા અને એનાં બંને સાગરીતોને મારતાં પહેલાં ખુબ જ હસાવેલાં, બધાં હસ્યા, 'તેરા કયા હોગા કાલિયા?' તો કાલિયાએ કીધેલું, 'સરદાર મેં ને આપ કા નમક ખાયા હૈ,' ગબ્બર બોલેલો 'તો ફીર અબ ગોલી બી ખા.' કોઇ ડરતા ડરતા મરે એના કરતાં હસતાં હસતાં મરે એ એને વધુ ગમતું અને એટલે જ એણે ત્રણેય જણાને મરતાં પહેલાં ભરપૂર હસાવેલા. એ ડાકુઓની ગેંગનો લાફીંગ બુદ્ધા હતો.

**● નારીઓને સન્માન :**

ઠાકુરની દીકરી જયા હોય, ટાંગેવાલી બસંતી હોય, મહેબૂબાની હેલન હોય, રામપુરની કોઇ પણ સ્ત્રી હોય એણે ક્યારેય કોઇ સ્ત્રી પર અત્યાચાર કર્યો નહોતો, એ કોઇ કોઠા પર જતો નહોતો, સ્ત્રીઓનાં હાથનું પાણી પણ પીતો નહોતો. આટઆટલી સુંદર સ્ત્રીઓ હોવા છતાં એણે સંયમીત જીવન રાખ્યું હતુ.

**● ગબ્બરનું ભિક્ષુક જેવું જીવન :**

ગબ્બરે હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મ જેવું ભિક્ષુકનું જીવન સ્વીકાર્યું હતુ. રામપુર અને અન્ય ગામડામાંથી નક્કી કરેલો ભાગ માંગી લાવીને એ નિર્વાહ ચલાવતો. સોનું, ચાંદી, ચિકન બિર્યાની, મલાઇ કોફ્તા, મટર પનીર જેવી ચટાકેદાર વસ્તુની ચોરી કરવાં એ ક્યારેક શહેર તરફ ગયો નહીં. ગામડામાંથી ક્યારેક વસ્તુઓ ના મળે તો અપવાસ કરતો પણ મેટ્રોસિટીમાં આંટો માર્યો જ નહીં.

**● ગબ્બરનાં ઘોડા અને વાહન :**

'જય-વીરૂ' બુલેટ પર ફરતાં, ઠાકુર જીપમાં જતાં, ટ્રેન પ્રવાસ પણ કરતાં પણ ગબ્બરને પ્રાણીઓ પ્રત્યે પ્રેમ હોવાથી વાહન તરીકે માત્ર ઘોડા વાપરતો અને પ્રેમ કરીને એણે પેટ્રોલિયમની બચતનાં પદાર્થપાઠ આપણને શીખવેલા. એણે ધાર્યું હોત તો બે-ચાર જીપ પડાવી લાવતાં કેટલી વાર થાત? પણ એણે ગાડીનાં ઇન્શ્યોરન્સ અને મેઇન્ટેનન્સનો પણ વિચાર કરેલો, ડુંગરાળ પ્રદેશમાં ટાયર વહેલાં ઘસાય એ વિચારે ઘોડાં જ દોડાવ્યે રાખ્યા.

**● ગબ્બરનાં સામાજીક કાર્યો :**

ડાકુના ધંધામાં ધાક જમાવેલા ગબ્બરે નાના બાળકોને સુવડાવવાનું શ્રેષ્ઠ કામ કરી માતાઓનું ટેન્શન ઘટાડેલું, એણે આજુબાજુના પચાસ ગામડાના બાળકોને એના નામ થી જ સૂતા કરેલાં 'બચ્ચા, સો જા વરનાં ગબ્બર આયેગા.'

સરકારે એનાં નામ પર ૫૦ હજારનું ઇનામ જાહેર કરેલું. એ જમાનામાં 'કૌન બનેગા કરોડપતિ' તો હતું નહીં એટલે લોકોને રાતોરાત માલદાર બનાવવાનો ગબ્બરનો જબ્બર પ્રયત્ન હતો. એ કહેતો મને પકડો અને ૫૦ હજાર કમાવી લો.

**● વ્યસનમાં પણ સાદગી :**

ડાકુઓ સિગારેટ, ચિલમ, દારૂ જેવા અનેક વ્યસન કરે જ પણ આણે તો માત્ર તમાકુ અને એ પણ ચૂના વગરની ખાઇને એનોય ખર્ચો બચાવેલો. વ્યસનથી થતાં રોગોનું એને જ્ઞાન હતું એટલે માત્ર તમાકું ભરાવી એ રોગોથી દૂર રહેલો.

● ● ●

આજે આપણાં સૌની પ્રિય ફિલ્મ શોલે 3D માં આવીને આપણને ભરપૂર મનોરંજન આપવાની છે, એટલે મારાં પ્રિય ગબ્બર સિંગની કેટલીક ઉજળી બાજુ બતાવવાનો અને શોલે ને સન્માન આપવાનો પ્રયત્ન.

**ચૂંટલો :**

શોલે ફિલ્મમાં હીરોની સાથે વિલન ગબ્બરસિંગે પણ વાહ વાહ મેળવેલી. ભારતીય સિનેમાનાં ખતરનાક વિલનમાં ગબ્બરસિંગનું નામ ટોપ પર છે અને એનો બધાંને જીવનઉપયોગી ડોયલોગ એટલે 'જો ડર ગયા, સમજો મર ગયા.'

# ...સૂરજને અસ્ત થયો જોવાનું મને જરાય ગમતું નહીં, એમ લાગતું કે જાણે કોઈ અંગત સ્વજન આપણાથી દૂર જઈ રહ્યું છે, આજે એ જ આથમતો સૂરજ મને ગરમાળો આપી રહ્યો હતો

## નવાં ક્લેવર

*- નટવર હેડાઉ*

આજ સાંજના આથમતા સૂરજ સાથે મારૂં મન પણ કંઇક ઉદાસ હતુ. ઘેર કોઇ નહોતું. મારૂં બધું કામ પુરૂં કરી હું પણ અગાસીમાં ગઇ. ઉનાળામાં સાંજે અગાસીમાં આંટા મારવાની મજા કોઇ રાજ પરિવારના સુખથી ઓછી નથી હોતી. જો કે સૂરજને અસ્ત થયો જોવાનું મને જરાય ગમતું નહીં. એમ લાગતું કે જાણે કોઇ અંગત સ્વજન આપણાથી દૂર જઇ રહ્યું છે. આજે એ જ આથમતો સૂરજ મને ગરમાળો આપી રહ્યો હતો. રહી રહીને મને સંગીતાના કુટુંબીની ચિંતા સતાવતી હતી. સંગીતા અમારા પાડોશમાં જ રહેતી. ખુશમિજાજ, પોતાની મસ્તીમાં મસ્ત જવાબદાર છોકરી. આમ તો સાસરામાંથી પિયરમાં જવા માટે ખાસ કારણોની જરૂર હોય છે. પણ તેના માટે એવી કોઇ અડચણ ન હતી. કેમ કે તેના સાસરા અને પિયર વચ્ચે માંડ એક દિવાલનું અંતર હતું.

આ વખતે તે પોતાના પિયર જવા માટે કંઇક વધુ ઉત્સુક હતી. કેમ કે ઘમા લાંબા સમય બાદ તેનું આંખુ કુટંબ ભેગું થયુ ંહતું. તેની મોટી બહેન તેના પાંચ વર્ષનાં દીકરા સાથે ઘેર આવી ગઈ હતી. તેને પોતાની નાની બહેન પર ખુબ ગર્વ હતો. તે જાણતી હતી કે તેના માબાપના સપનાં ને તે સાકાર કરશે. તેની માં ને કોઇ દીકરો તો હતો જ હનીં તેથી બાળપણથી જ તેનામાં તે દીકરો જોતી હતી. માં એ પોતાની તમામ મહત્ત્વાકાંક્ષાઓ તેની સાથે જોડી દીધી હતી. નાની બહેન જેમ મોટી થતી જતી હતી તેમ માં ના અનેક સપનાંઓ ને પણ પાંખો આવી ગઇ હતી અને કેમ ન આવે? દરેક માતાપિતાનું એક સપનું હોય છે કે તેનાં બાળકો તેમની આબરૂ વધારે, તેમનું નામ રોશન કરે. તેમની વૃદ્ધ આંખોનું અજવાળું બંને. અને થાકેલ પગ ને સહારો દે. અને એ બધી જ આવડત સંગીતાની નાની બહેનમાં હતી. મિતભાષી હંમેશા પોતાના પુસ્તકોમાં જ ખોવાયેલી રહેતી તેની નાની બહેન 'ખુશ્બુ' તેને ઘણી વખત મળવાનું બનયું છે. આમ તો એ વાતો બહુ ઓછી કરી પણ જયારે વાત કરે ત્યારે મમ્મી-પપ્પાના ભવિષ્ય બાબતે, તેમને સુખી કરવાની વાત કરતી. ખરેખર સંગીતાના ચહેરા પર સંતોષ નો ભાવ ત્યારે હંમેશા મને દેખાતો. પણ આ વખતે એ જ સંતોષનો ભાવ ચિંતાની કાલિમા બનીને જાણે કે તેના ચહેરા પર છવાયેલો દેખાતો હતો. આ વખતે તે પિયર પહોંચી તો ત્યાંનો માહોલ કંઇક જુદો જ હતો.

રાતના લગભગ-સાડા આઠ થયા હશે. સંગીતાએ જયાં ઘરનું બારણું ખખડાવ્યું તો તેની મોટી બહેને બારણું ખોલ્યું પણ ઘરમાં કોઇ કંઇ બોલતું ન હતું. એક ગંભીર મૌંન છવાયેલું સંગીતાએ સહજતાથી તેને ચરણ સ્પર્શ કર્યાને પછી નાની બાળકની જેમ ગળે વળગી પડી. પણ જાણે એમ લાગ્યું કે તે કોઇ પથ્થરને મળતી હોય. તે ઘરની અંદર ગઇ ને જોયું તો ઘર આખું જાણે શોકમાં ડુબેલું હતું. હંમેશા હસતા દેખાતા ચહેરા ફિક્કા લાગતા હતા. તેણે પોતાનીમાં ને પુછ્યું 'મમ્મી આ બધું શું છે? મા એ તેની વાતનો જવાબ ન દીધો. બસ બનાવટી સ્મિત સાથે કહ્યું, 'તું થાઇ ગઇ હોઇશ. જા તારા છોકરાને સુવડાવ અને તું પણ સુઇ જા.' સંગીતા પોતાના સવા વર્ષના દીકરાને સુવડાવવાની તૈયારીમાં લાગી ગઇ. પણ મન બેચેન હતું. ઘરનાં સૌનું મૌન તેને ખંજરની જેમ ચીરી રહ્યું હતું. તેના છોકરાને સુવડાવીને જયારે તે ડ્રોઇંગરૂમમાં આવી તો સૌ જાણે કે ખુશ ન હોવા છતાં ખોટેખોટો ખુશીનો દેખાડો કરવા લાગ્યા. આ બધા વચ્ચે તેને યાદ આવ્યું કે એ જયારથી અહીં આવી છે ત્યારથી તેની નાની બહેન ખુશ્બુ કયાંક દેખાતી નથી. તેણે મમ્મીને પુછ્યું તો તેણે જાણે કે સાંભળ્યું જ ન હોય તેમ વાત ટાળી દીધી.

જયારે સૌ એક પછી એક ઊભા થઇ સુવા જતાં રહ્યા તો સંગીતા પણ જવા લાગી ત્યાં અચાનક બાજુના ગેરેજમાંથી હીબકાં ભરી કોઇ રડી રહ્યું હોય તેવો અવાજ સંભળાયો. તેણે જયાં ગેરેજ ખોલ્યું તો તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેની નાની બહેન ખુશ્બુ ફર્સ પર ટુટીયું વાળી બેઠી રડી રહી હતી. સંગીતાએ ખુશ્બુને ઊભી કરી પોતાની સાથે બેડરૂમમાં લઇ આવી. તેને થોડું પાણી પીવડાવ્યું. ખુશ્બુ પાણી એ રીતે પીતી હતી જાણે કેટલાક જનમથી તેણે પાણી પીધું જ ન હોય. સંગીતાએ ઘરમાં ચાલી રહેલા વાતાવરણ બાબતે જયાં ખુશ્બુને પુછ્યું તો ખુશ્બુ તેના ખભે માથું મુકી જોર જોરથી રડવા લાગી. 'દીદી પ્લીઝ મને અહીંથી લઇ જા, મારે અહીં નથી રહેવું.' તેની વાત સાંભળી સંગીતાની બેચેની વધી ગિ. તેણે ખુશ્બુને કહ્યું. 'મને કહે તો ખરી આ બધું શું થઇ રહ્યું છે?'

ખુશ્બુ ચૂપ હતી. તેની આ ચુપકીદી સંગીતાને માનો કે ગળી રહી હતી. વારંવાર પુછવા પછી ખુશ્બુ ખીજાઇને બોલી. 'હું લગ્ન કરવા માંગુ છું. હા દીદી મારે લગ્ન કરવાં છે વિશાળ સાથે.' વિશાળ સંગીતાની પડોશમાં રહેતો હતો. બિલકુલ આવારા ટાઇપનો છોકરો હતો. દુનિયાના કોઇ અવગુણ એવા નહીં હોય જેની સાથે વિશાળને સંબંધ ન હોય. સંગીતા માટે તો આ સાંબળતાં જ પગ નીચેની જમીન જાણે કે ખસી ગઇ. તે સ્તબ્ધ થઇ ખુશ્બુની પ્રેમ કહાની સાંભળતા રહી. તે વિચારતી હતી કે તેની અઢાર વર્ષની નાની બહેન કયારે એવડી મોટી થઇ ગઇ કે તેણે લગ્ન જેવો મહત્ત્વપૂર્ણ નિર્ણય લઇ લીધો જેને લેવા માટે આખા જીવનનો અનુભવ પણ ઓછો પડે. સંગીતાને પોતાના માતા-પિતાના સપનાં તૂટતાં દેખાવા લાગ્યાં. સંગીતાના પપ્પાએ ખુશ્બુને સી.એ. કરવા માટે ઘણા સપનાં જોયેલા અને તે માટે દેવું પણ કર્યું હતું. સંગીતાને ખુશ્બુની વાતો સાંભળીને એક એક લેણદાર બારણે ઉભેલાં દેખાવા લાગ્ય. સંગીતાએ મનને મનાવ્યું અને ખુશ્બુને દિલાસો દઇ કહ્યું, "જા સુઇ જા કાળે હું પપ્પાને વાત કરીશ." તે રાત સંગીતા માટે મોટી ભરતી ઓટ સમાન હતી. આખી રાત તે વિચારતી રહી કે સવારે બા-બાપુજીને શું કહેશે. તે મનથી પોતાને જ દોષિત માનવા લાગી હતી. પપ્પા લાખ મનાઇ કરેલ છતાં વિશાળને ઘરમાં આવવા દેવો અને તેની સાથે રમવું, તેની સાથે ઘનિષ્ઠતા જયારે ઉઠી તો મમ્મી પપ્પા સામે આંખ મિલાવી શકી નહીં. પણ સમસ્યાનું સમાધાન તો કરવું પડે તેમ જ હતું. સંગીતાએ હિંમત કરીને પપ્પાને કહ્યું. 'પપ્પા આ તો તેની નાની ઉંમરની નાદાનિયત છે. થોડા દિવસોમાં બધું ઠેકાણે આવી જશે.'


*(ક્રમશઃ)*

- vanvihari@gmail.com

# પ્રેમની આગ આજીવન જલતી રહેવી જોઈએ

**ઘણા બધા લોકોને આપણે કહેતા સાંભળીએ છીએ કે "મને પ્રેમ થયો છે." પ્રેમ કરવાનો ન હોય, થઈ જાય. એ કહેવાની વાત નથી, અનુભવવાની વાત છે. લાગણીનું પતંગિયું પ્રેમ બનીને ઊડાઊડ કરે અને આપણી ભીતરના આકાશમાં સંબંધનું મેઘધનુષ રચાય એનું નામ પ્રેમ. પ્રેમ એટલે પુષ્પનું ઊગવું. પ્રેમ થયો એવું કહેવાનું ન હોય. વ્યક્તિના ભીતરમાંથી એની સુગંધ આવ્યા કરે. પ્રેમ વ્યક્તિત્વને પોતાની સુગંધથી છલકાવી દે છે. પ્રેમ ખાલીપાને ભરી દે છે.**

**ઓશોએ કહ્યું છે "પ્રેમ કરવો અને પ્રેમ માટે માગણી કરવી એ બેઉ જુદી જુદી બાબતો છે." જીવન પ્રેમથી ભરપુર જીવવાનું હોય એના બદલે આપણે એવું કહેતા હોઈએ છીએ કે અમે હંમેશ પ્રેમ કરીએ છીએ. આ બે વાત ભિન્ન છે. આવી વાતો કરનારાઓ પાસે મોટા ભાગે પ્રેમ હોતો જ નથી. તેઓ પ્રેમની તલાશમાં હોય છે, પણ જડતો નથી. બાળકો જેમ કોઈને કોઈ ચીજની માગ કરતા રહેતા હોય છે એમ આપણે બાળકની જેમ પ્રેમની માગણી કરતા રહીએ છીએ. બાળકને મા પ્રેમ આપે છે જે તેને વિકસવામાં મદદરુપ થાય છે. મિત્ર તેના મિત્ર પાસે અને પતિ તેની પત્ની પાસે તો વળી પત્ની તેના પતિ પાસે પ્રેમની માગણી કરતા જ રહે છે. આ ચક્કર ચાલતું જ રહે છે.**




**પ્રેમની માગણી કરનારને કાયમ સહન કરવાનું – દુઃખ વેઠવાનું જ આવે. કારણ કે પ્રેમ ક્યારેય માગવાનો હોય નહીં, પ્રેમની માગણીમાં એવી કોઈ ખાતરી હોતી નથી કે તે તમને મળશે જ. વળી, તમે જેની પાસે પ્રેમની અપેક્ષા રાખીને બેઠા હો એ વ્યક્તિ પણ તમારી પાસે પ્રેમની ઝંખના રાખતી હોય તો આ તો ઊપાધિ જ કહેવાય. બે ભિખારી સામસામે મળ્યા હોય એવો ઘાટ થયો. એક માગનારો બીજા માગનારાને શું આપી શકવાનો હતો? દુનિયાભરમાં આ સમસ્યા છે. પતિ-પત્ની હોય કે પ્રેમી યુગલ, મોટા ભાગનાં સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધોમાં આ જ કારણે સમસ્યા હોય છે. બેઉ એકબીજા પાસે પ્રેમની અપેક્ષા રાખી રહ્યાં હોય છે પરંતુ તેઓ બેઉ એકબીજાને પ્રેમ આપી શકતા નથી.**

**પ્રેમની આ વાત બારીકાઈ ભરેલી છે. તમે સતત પ્રેમ ઈચ્છો છો. કોઈ તમને સતત પ્રેમ કરે તો તમને સારું લાગે છે. પરંતુ તમને એ ખબર નથી હોતી કે આ તો લેવડદેવડનો વ્યવહાર થાય છે. સામી વ્યક્તિ તમને પ્રેમ કરે છે, એવું તમને લાગે છે, એ વ્યક્તિ ખરેખર પ્રેમ કરે છે? કોઈ વ્યક્તિ માછલી પકડવા પાણીમાં જાળ નાખે છે. પરંતુ તે વ્યક્તિ માછલી પકડીને તેને તરફડતી જોવાનો આનંદ લે છે અને પાણી વિના (પ્રેમ વિના) મરી જવા તરછોડી દે છે. આપણી આસપાસ આવું બનતું જોવા નથી મળતું? એ વ્યક્તિને ફક્ત પકડવા ખાતર જ માછલી પકડવામાં રસ હોય છે. પછી કશું નહીં. આપણી આસપાસ પણ આપણને ઘણા બધા એવા લોકો જોવા મળશે કે જેઓ માત્ર તરછોડી દેવા માટે જ પ્રેમ પામે છે. પકડીને છોડી દેવું.**

**વર્ષોની રિલેશનશીપ પછી પણ ઘણા બધા યુગલ પાસે પ્રેમની આગના નામે ફક્ત રાખ જ હોય છે. આગ ઠરી ગઈ હોય છે. પ્રેમ વરાળ બનીને ઊડી ગયો હોય. પ્રેમની આગ આજીવન જલતી રહે એ માટે પરસ્પર આકર્ષણ, સમજદારી, વિશ્વાસ અને પ્રામાણિકતાનું ખાતર-પાણી જોઈએ. તમારા સાથી તમને માન અને આદર આપતા હોય તો એ પણ પ્રેમ છે. આદર માગવાની નહીં, આપવાની વાત છે. ફૂલ-છોડ વાવી દીધા એટલે જવાબદારી પૂરી, એવું માનનારાને સૂકાયેલા છોડવા જોવાનો વારો આવે છે. સંબંધના ફૂલ-છોડ વાવ્યા પછી એમાં બિનશરતીય પ્રેમ અને નિઃસ્વાર્થ ભાવનું ખાતર-પાણી પણ આપવું પડે. પ્રેમ, કાળજી, માવજત વિના સંબંધ પણ સૂકાઈ જાય. પ્રેમમાં ત્રણ ચીજો જરુરી છે.**

**(૧) સમય (ટાઈમ) આપવો, (૨) કાળજી (કેર) લેવી, (૩) સતત ધ્યાન (ઍટેન્શન) આપવું. પ્રેમમાં પ્રિય વ્યક્તિ તરફ તમને ગાંડપણની હદ સુધી વળગણ – ખેંચાણ સતત રહેવું જોઈએ.**

***પ્રેમના ફંડા પણ સમજવા જેવા છે -***

**(૧) પ્રેમમાં ક્યારેય ખોટું કર્યાની ફિલિંગ્સ્ ન થાય, (૨) પ્રેમમાં બે વ્યક્તિ વચ્ચે સતત કોમ્યુનિકેશન થતું રહે, લાગણીનું ઝરણું સતત વહેતું રહે, (૩) એકબીજાને ખુશ રાખવા અને ખુશ જોવાની ઈચ્છા રહે, (૪) જાતીય ઈચ્છાઓ અંગે પણ નિખાલસ ચર્ચા થતી રહે, (૫) સંબંધમાં કોઈ શરતો ન હોય, માત્ર પરસ્પર આદર અને સન્માન જ હોય, (૬) પ્રેમમાં એકાકાર થાવ તેટલા ઊંડા ઊતરી શકો અને સંબંધ વધુ ગાઢ બને, (૭) પ્રેમ એટલે એકબીજાનો અયોગ્ય વ્યવહાર ચલાવી લેવો, એવું નહીં. ન ગમતી બાબતનો આદરપૂર્વક ઈનકારનું નામ પણ પ્રેમ. (૮) જન્માક્ષર નહીં, પ્રેમની કેમિસ્ટ્રી મળતી રહે, (૯) પ્રેમ એટલે એકમેકમાં ખોવાયેલાં રહે, (૧૦) પ્રેમ એટલે જિંદગીનો ખુબસૂરત અનુભવ, (૧૧) પ્રેમમાં વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વનો સ્વીકાર, એટલે કે ખુબીઓ પણ ગમાડવી અને ખામીઓ પણ ગમાડવી, (૧૨) પ્રેમમાં માગણી કે અપેક્ષા ન હોય, (૧૩) પ્રેમ ફના થઈ જાય, બલિદાન ન માગે. "પ્રેમગલી અતિ સાંકડી, જા કે દુજો ના સમાય." પ્રેમ બે વ્યક્તિને એક બનાવે છે. પ્રેમના ભાગાકારમાં શેષ વધતી નથી. પ્રેમમાં માત્ર પ્રેમ જ વધે છે. પ્રેમમાં હંમેશા સરવાળો અને ગુણાકાર જ હોય. પ્રેમ ચંદ્રકળાઓની જેમ વધતો જ જાય. પ્રેમમાં શુકલ પક્ષ જ સદા રહે, એમાં કૃષ્ણ પક્ષ ન આવે. પ્રેમમાં એકમેકનું અસ્તિત્વ ઓગળી જાય. તમામ રાગ-દ્વેષની બાદબાકી થઈ જાય. પ્રેમ માણસને પવિત્ર બનાવે છે. પ્રેમ કરનારો માણસ કશું પણ ખોટું કરી શકતો નથી. પ્રેમ હંમેશા સત્યથી સજ્જ રહે છે. પ્રેમ હોય ત્યાંથી તમામ દુર્ગુણો દૂર ભાગે છે. પ્રેમ એટલે જ સફળતા અને પ્રેમ એટલે જ સાર્થકતા.**

***સ્ટોપર :*** **પ્રેમનો રસ્તો રંકને પણ રાજા બનાવે છે.**